દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૪ માર્ચ, ૨૦૨૬

બાટલાની અછત મામલે સરકાર સંગ્રહખોરો-કાળાબજારીઓ સામે ત્રાટકે તે જરૂરી

જ્યારથી વિસ્તાર અને વર્ચસ્વની લડાઈઓ શરૂ થઈ છે ત્યારથી વિશ્વમાં વિવિધ દેશો વચ્ચે લડાઈ શરૂ થઈ છે. બે-બે વિશ્વયુદ્ધ થવા છતાં પણ આ લડાઈઓ ખતમ થઈ નથી. ઈરાન અને ઈરાક વચ્ચેનું યુદ્ધ દાયકાઓ સુધી ચાલ્યું હતું. રશિયા અને અમેરિકા વચ્ચે શીતયુદ્ધ વર્ષોથી ચાલી રહ્યું છે. જોકે, આ તમામ યુદ્ધમાં એટલી અસર નહોતી થતી. રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં પણ ભારતને એટલી અસર થઈ નહોતી પરંતુ જ્યારથી ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ શરૂ થયું છે ત્યારથી ભારત માટે સમસ્યાઓ શરૂ થઈ ગઈ છે. જીદે ભરાયેલા ઈરાને મિડલ ઈસ્ટમાં મિસાઈલો અને ડ્રોનનો માર્યો કર્યો છે અને હવે હોર્મુઝની ખાડી બંધ કરી દેતા ભારતમાં ઈંધણની કટોકટી શરૂ થવા પામી છે. આમ તો, સરકારી તંત્ર દ્વારા ઈંધણનો પુરતો જથ્થો છે તેવી ઘરપત આપવામાં આવી રહી છે પરંતુ ગભરાટને કારણે આખા દેશમાં ગેસના બાટલા માટે લાઈનો લાગવા માંડી છે. ભારત દ્વારા મોટાભાગે ક્રુડ ઓઈલ બહારથી આયાત કરવામાં આવે છે. ક્રુડ ઓઈલમાંથી પેટ્રોલ-ડિઝલ અને સીએનજી, એલપીજી તેમજ પીએનજી બનાવવામાં આવે છે. દેશમાં એવો માહોલ બની ગયો છે કે હાલમાં ગેસની અને ભવિષ્યમાં પેટ્રોલ અને ડિઝલની અછત સર્જાય તેમ છે. હાલમાં સરકાર દ્વારા કોમર્શિયલ ગેસના સિલિન્ડરના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે અને ગભરાટનો માહોલ ત્યારથી જ શરૂ થઈ ગયો છે. જ્યારે પણ આવો માહોલ સર્જાય ત્યારે લેભાગુઓ તેનો લાભ લેવા માટે સક્રિય થઈ જતા હોય છે. દેશમાં અછત કરતાં પણ વધુ સંગ્રહખોરી અને કાળાબજાર કરવાની વૃત્તિએ પરિસ્થિતિને વધુ વણસાવી છે. ગેસના બાટલા પુરતાં પ્રમાણમાં હોવા છતાં પણ સંગ્રહ કરવા માટે મોટાભાગે લાઈનો લાગી રહી છે અને તેને કારણે ગભરાટનો માહોલ વધુ ગંભીર બની રહ્યો છે. કામદાર નેતાઓની સાથે સાથે રાજકારણીઓ પણ આ મામલે સક્રિય થઈ ગયા છે અને તેને કારણે કામદારોમાં પલાયન પણ શરૂ થઈ ગયું છે. સરકારી તંત્ર દ્વારા 'સબસલામત'ની વાતો કરવામાં આવે છે, ગેસ સપ્લાય વધારવાની વાતો કરવામાં આવે છે પરંતુ હાલના સમયમાં જરૂરી એ છે કે સંગ્રહકર્તાઓ પર ત્રાટકવાની. સરકાર દ્વારા કાળાબજારી કરતાં તત્વો અને સંગ્રહખોરી કરતાં તત્વો સામે જો તાકીદે દરોડા પાડીને પગલાઓ લેવામાં આવે તો આ કટોકટી મોટા પ્રમાણમાં હળવી થઈ શકે તેમ છે. હાલમાં એવી સ્થિતિ જ નથી કે દેશમાં ગેસની તીવ્ર અછત સર્જાય. આ તો માત્ર ગેસની વાત છે અને શરૂઆત છે. ભવિષ્યમાં પેટ્રોલ અને ડિઝલના મામલે પણ સંગ્રહખોરો પોતાની મેલી રમત રમી શકે છે. ગેસ એજન્સીઓ દ્વારા પણ સંગ્રહખોરી શરૂ કરી દેવામાં આવી હોવાનું મનાઈ રહ્યું છે. ઘરેલું ગેસ સિલિન્ડરના બુકિંગ કરવા જનારને પણ બાટલા મળશે નહીં તેવું કહેવામાં આવી રહ્યું છે. જેથી ભવિષ્યમાં પરિસ્થિતિ વધુ ગંભીર થાય તે પહેલા જ આવા તત્વો સામે સરકારી તંત્ર દ્વારા આકરા પગલાઓ લેવામાં આવે તે જરૂરી છે. સરકારી તંત્ર દોડતું થાય તો બની શકે છે કે સંગ્રહખોરી પર અંકુશ આવે અને તેને કારણે હાલની સ્થિતિમાં ફરક પડે. મોટાભાગની આવી પરિસ્થિતિઓમાં ખરેખર સ્થિતિ ખરાબ હોવાની જગ્યાએ સંગ્રહખોરી અને કાળાબજારી જ પરિસ્થિતિને વધુ ખરાબ કરતી હોય છે. સરકાર આ મામલે ઝડપથી જાગે તે જરૂરી છે.

બિહારમાં ભાજપ-જેડીયુમાં ચહેરાની સમસ્યા ઉકેલાશે?

રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા

હવે પોતે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાએ દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લખેલા પત્રમાં જજ પર પક્ષપાતી હોવાના આરોપ લગાવ્યા છે

બિહારમાં નીતીશકુમારે રાજ્યસભામાં જવાનું નક્કી કર્યું એ પછી એમના પુત્ર નિશાંતની જેડીયુમાં એન્ટ્રી પછી શું? નવા મુખ્યમન્ત્રીનું નામ જાહેર થયું નથી. ભાજપના મુખ્યમંત્રી હશે એ નકી છે પણ એ કોણ? એ સવાલનો જવાબ હજુ મળવો બાકી છે. દાવેદારો ઘણા બધા છે. નિશાંતની ભૂમિકા નવા મંત્રીમંડળમાં અને બિહારમાં કેવી રહેશે એનો જવાબ પણ મળવો બાકી છે અને સૌથી મોટો સવાલ જેડીયુનું ભવિષ્ય. એનું શું? ભાજપ એના ખભે ચઢી નાના ભાઈથી મોટો ભાઈ બન્યા પછી જેડીયુમાં ભંગાણ પડશે કે પડાવાશે? અને આ સ્થિતિમાં લાલુ યાદવના પક્ષનું ભવિષ્ય શું ઉજ્જવળ બનશે? એક રાજ્ય બિહાર અને પ્રશ્નો કેટલા બધા છે. નીતીશકુમારે હંમેશાં પોતાના પુત્રને રાજકારણથી દૂર રાખ્યા છે. નિશાંતકુમાર ક્યારેય કોઈ જાહેર મંચ પર, રાજકીય રેલીમાં કે સરકારી નિર્ણયોમાં જોવા મળ્યા નથી. આ તેમની નીતીશકુમારની 'નકારાત્મક રાજકારણ' (વંશવાદનો વિરોધ) ની છબી જાળવી રાખવાની એક રીત ગણવામાં આવે છે. નીતીશકુમાર હંમેશાં 'વંશવાદ'ની વિરુદ્ધ બોલતા આવ્યા છે.

જેડીયુને નીતીશકુમાર પછી એક મજબૂત ચહેરાની જરૂર છે જે પક્ષને એકજૂથ રાખી શકે. જેડીયુની વાત કરીએ તો નિશાંતકુમારને બિહારનાં લોકો, ખાસ કરીને જેડીયુનાં જૂનાં કાર્યકરો તેમને કેવી રીતે સ્વીકારે છે? શું તેઓ નીતીશકુમાર જેવો જ પ્રભાવ પાડી શકશે? આ સવાલો મહત્ત્વના છે. નીતીશકુમાર પોતે જ ભૂતકાળમાં વંશવાદની ટીકા કરતા આવ્યા છે, તેથી તેમની આ ટીકાનો સામનો કરવો એ નિશાંત માટે સૌથી મોટો પડકાર હશે.

છેલ્લા બે દાયકાથી ભાજપનું બિહારમાં મુખ્ય મોડેલ 'નીતીશકુમાર + ભાજપ' રહ્યું છે. આ દરમિયાન ભાજપે ક્યારેય પોતાના ગ્રાઉન્ડ લેવલના નેતૃત્વને વિકસાવવાને બદલે નીતીશકુમારના 'સુશાસન'ના નામે મત માંગવાનું પસંદ કર્યું. પરિણામે, ભાજપના સ્થાનિક નેતાઓ હંમેશા નીતીશકુમારની છાયામાં જ રહ્યા. વળી, બિહારનું રાજકારણ જ્ઞાતિ આધારિત છે. ભાજપ પાસે પ્રદેશ સ્તરના નેતાઓ છે, પરંતુ તેઓ કોઈ એક જ્ઞાતિ કે પ્રદેશ પૂરતા મર્યાદિત છે. જ્યારે લાલુ યાદવ પાસે 'યાદવ-મુસ્લિમ' સમીકરણ અને નીતીશકુમાર પાસે 'લવ-કુશ' (કોઈરી-કુર્મી) સમીકરણ છે, ભાજપ પાસે બિહારની આખી વસ્તીને એકસૂત્રમાં બાંધી શકે તેવો કોઈ 'માસ લીડર' નથી.

બિહારમાં ભાજપ માટે 'ચહેરા' નો અભાવ એ એટલી મોટી સમસ્યા છે કે તેઓ પોતાને મુખ્ય મંત્રીપદના ઉમેદવાર જાહેર કરતાં પણ ડરે છે. જેડીયુમાં નિશાંતકુમારના આવવાથી જો ત્યાં કોઈ અસ્થિરતા આવશે, તો તેનો સીધો ફાયદો કોણ ઉઠાવશે? ભાજપ માટે આ એક સુવર્ણ તક હોઈ શકે છે, પરંતુ તેના માટે પણ તેમણે 'પોતાના ચહેરા' પર દાવ લગાવવો પડશે. બિહારનાં વર્તમાન રાજકીય સમીકરણોને જોતાં, તમે સમ્રાટ ચૌધરી વિશે જે વાત કરી તે એકદમ સચોટ છે. ભાજપ માટે અત્યારે તેઓ સૌથી મહત્ત્વના અને આક્રમક ચહેરા તરીકે ઉભરી રહ્યા છે. બિહારમાં નીતીશકુમારની સૌથી મોટી તાકાત 'લવ-કુશ' (કોઈરી-કુર્મી) સમીકરણ છે. સમ્રાટ ચૌધરી પોતે કુશવાહા (કોઈરી) જ્ઞાતિમાંથી આવે છે. ભાજપ તેમને આગળ કરીને નીતીશકુમારના આ જ અજેય ગઢમાં ગાબડું પાડવા માંગે છે. એટલે કે, ભાજપ હવે નીતીશકુમારની મદદ લેવાને બદલે તેમનાં જ સમીકરણો તોડવા માટે તેમના જ જ્ઞાતિના નેતાનો ઉપયોગ કરી રહ્યું છે. તેમને ખબર છે કે લાલુ યાદવ અને નીતીશકુમાર કેવી રીતે રાજકારણ રમે છે, જે તેમને ભાજપ માટે એક મોટો ફાયદો આપે છે. ભાજપ માટે સમ્રાટ ચૌધરી એક સારા 'સેનાપતિ' ચોક્કસ છે, પરંતુ શું તેઓ બિહારના 'મુખ્યમંત્રીના ચહેરા' તરીકે સમગ્ર રાજ્યમાં સ્વીકાર્ય છે? બિહારમાં આજે પણ જ્ઞાતિનું રાજકારણ એટલું પ્રબળ છે કે કોઈ પણ એક નેતા માટે સમગ્ર રાજ્યમાં પોતાનો સિક્કો જમાવવો મુશ્કેલ છે.

જજ પર 'આપ'ને આશંકા

કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય લોકોએ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દેવેન્દ્રકુમાર ઉપાધ્યાયને પત્ર લખીને દારૂ કૌભાંડના કેસને અન્ય કોઈ 'નિષ્પક્ષ' બેંચ સમક્ષ ટ્રાન્સફર કરવાની માંગ કરી છે. ટ્રાયલ કોર્ટ દ્વારા કેજરીવાલ સહિત ૨૩ આરોપીઓને આરોપમુક્ત કરવાના આદેશને સીબીઆઈએ હાઈકોર્ટમાં પડકાર્યો છે.

એક દિવસ પહેલાં જ આમ આદમી પાર્ટીના દિલ્હી પ્રમુખ સૌરભ ભારદ્વાજે જસ્ટિસ સ્વર્ણ કાંતાની નિષ્પક્ષતા પર સવાલો ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી સાથે તેમનો શું સંબંધ છે. હવે પોતે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાએ દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટિસને લખેલા પત્રમાં જજ પર પક્ષપાતી હોવાના આરોપ લગાવ્યા છે. તેમની તરફથી જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્મા પર 'પક્ષપાત'નો આરોપ લગાવવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટે આ મામલામાં તેમના દરેક આદેશને પલટી નાખ્યા હતા. કેજરીવાલે કહ્યું કે જો કેસ તેમની બેંચ સમક્ષ રહેશે તો શક્ય છે કે નિષ્પક્ષ સુનાવણી નહીં થાય. જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માની અદાલતમાં આ મામલાની આગામી સુનાવણી ૧૬ માર્ચે થવાની છે.

જો કે, ટ્રાયલ કોર્ટે ૨૭ ફેબ્રુઆરીએ કેજરીવાલ, સિસોદિયા અને અન્યને આરોપમુક્ત કર્યા હતા અને સીબીઆઈને ફટકાર લગાવતાં કહ્યું હતું કે તેમનો કેસ ન્યાયિક તપાસમાં સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો અને સંપૂર્ણપણે પાયાવિહોણો હતો. સીબીઆઈએ હાઈકોર્ટમાં આ આદેશને પડકાર્યો. પહેલી સુનાવણી પર જસ્ટિસ સ્વર્ણ કાંતા શર્માએ આરોપીઓને નિર્દોષ છોડી દેવાના નીચલી અદાલતના નિર્ણયને પડકારતી સીબીઆઈની અરજી પર સોમવારે સુનાવણી કરતા નીચલી અદાલતના આદેશમાં કરવામાં આવેલી ટિપ્પણીઓ પર રોક લગાવી દીધી. આ સાથે જ ઈડી કેસની સુનાવણી પર પણ સ્ટે લગાવી દીધો.

વરિષ્ઠ વકીલ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમના કેસમાં પણ ભૂતકાળમાં વિવિધ કોર્ટમાં જજોની પસંદગી અને ફેરબદલીને લઈને વિવાદો થયા હતા. સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં પણ જજોના બદલાવ અને કેસ ટ્રાન્સફરને લઈને ઘણી અરજીઓ થઈ હતી. આ કેસની સુનાવણી કરનાર સ્પેશ્યલ સીબીઆઈ જજ બી.એચ. લોયાના રહસ્યમય સંજોગોમાં મૃત્યુ બાદ, આ કેસ અન્ય જજને સોંપવામાં આવ્યો હતો. સામાન્ય રીતે વકીલો જ્યારે એવી દલીલ કરે છે કે "જજની ટિપ્પણીઓ પૂર્વગ્રહયુક્ત છે" અથવા "જજે કોઈ ચોક્કસ પક્ષતરફી વલણ રાખ્યું છે", ત્યારે અરજી દાખલ કરવામાં આવે છે. કોર્ટ સામાન્ય રીતે આવા કિસ્સાઓમાં ખૂબ જ સાવચેતી રાખે છે, કારણ કે જો દરેક કેસમાં જજ બદલવાની મંજૂરી આપવામાં આવે, તો ન્યાયિક પ્રક્રિયામાં અરાજકતા ફેલાઈ શકે છે. ભારતીય કાયદા મુજબ, "ન્યાય માત્ર થવો જ ન જોઈએ, પણ થતો દેખાવો પણ જોઈએ" ચીફ જસ્ટિસ તપાસે છે કે પક્ષકારના આરોપોમાં તથ્ય છે કે માત્ર કેસને લંબાવવાનો પ્રયાસ છે. આવા કિસ્સાઓનું પ્રમાણ વધે એ કોર્ટ અને ન્યાય માટે સારી નિશાની નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પંખીઓની સમજ

દુનિયામાં મનુષ્ય સૌથી હોંશિયાર પ્રાણી ગણવામાં આવે છે છતાં આપણે મનુષ્યોએ પંખીઓ પાસેથી ઘણું શીખવા જેવું છે. કોઈ પણ પંખી જોજો, જ્યારે કોઈ ખતરાની ઘંટડી વાગશે તો બધાં ભેગાં થઈ જશે. એકજૂથ થઈ મુશ્કેલીનો સામનો કરશે અને આપણે માણસો મુશ્કેલીમાં પડનારનો સાથ છોડી દઈએ છીએ. મુશ્કેલી આવે તો એકબીજા ઉપર દોષારોપણ કરીએ છીએ કે તારે કારણે મુશ્કેલી આવી છે. કાગડાનાં ટોળાં અને કા..કા..ના અવાજ સાથેની મીટીંગો જોઈ હશે. કાગડાઓ ગાંઠિયા કે સેવ કે અન્ય ખોરાક જુવે તો તરત જ કા..કા.. કરી અન્ય સાથીઓને પણ બોલાવે છે. પણ આપણે મનુષ્યો સ્વાર્થી બની બધું પોતે જ લઈ અન્યને ન આપવામાં માનીએ છીએ પછી તે કોઈ પણ વસ્તુ હોય કે સાથ સહકાર, માનવી પોતાના ફાયદા માટે હંમેશા સ્વાર્થી બની જાય છે. નાની-નાની ચકલીઓના માળા પર કોઈ હુમલો કરે તો ઝીણી ઝીણી ચકલીઓ પણ ડર્યા વગર આગળ આવે છે અને ચીં.. ચીં.. ચીં.. ચીં.. ના અવાજ સાથે હુમલો કરનારને ચાંચ મારવાની હિંમત પણ બતાવે છે અને આપણે મનુષ્યો કોઈ આફતમાં ફસાય તો આપણો રસ્તો અલગ કરી લઈ દૂરથી તમાશો જોઈએ છીએ, જલ્દી મદદ કરવા આગળ આવતાં નથી. વિજ્ઞાન કહે છે કે વી આકારની વસ્તુ હવામાં સહેલાઈથી ઊડી શકે છે. આકાશમાં ઊડતાં પંખીઓનાં ટોળાં ખાસ કરીને હંસોનાં ટોળાં જોજો, તેઓ ટોળામાં ઊડે છે એટલે સાથે રહે છે અને વી આકારમાં ગોઠવાઈને જોડે છે એટલે તેમની ઊડવાની શક્તિ વધે છે. જો તેઓ એકલાં ઊડે તો પવનનો અવરોધ એકલા સહન કરવો પડે છે પરંતુ વી આકારમાં ઊડે તો એકબીજાનો આધાર અને સાથ મળે છે અને આગળના પંખીને સૌથી વધુ અવરોધનો સામનો કરવો પડે છે પરંતુ પાછળ ઊડનારાંઓને ઊડવાનું સહેલું પડે છે. ટોચનું પંખી થાકે તો પાછળનું ઓછું થાકેલું પંખી તેનું સ્થાન લે છે. કોઈ ઘવાય કે માંદુ પડે તો ઓછામાં ઓછાં બે પંખી તેને આરામ આપવા નીચે જમીન પર તેની સાથે આવે છે અને બાકી બધાં આગળ વધે છે અને આપણે માણસો એકબીજાના માર્ગના અવરોધ બનીએ છીએ. એકજૂથ થઈને રહેતાં નથી. આગેવાની લેનાર થાકે તો તેને માથે છાણાં થાપીએ છીએ. કોઈ હારે કે પાછળ પડે તો તેનો સાથ છોડી દઈએ છીએ. કાશ, માણસો પંખીઓ પાસેથી શીખે અને પંખીઓ જેવી સમજ કેળવે.

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આક્રમક મમતા અને કેજરીવાલ રાહુલ ગાંધી માટે પડકાર

રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

મમતા બેનર્જી અને કેજરીવાલ બંનેએ તાજેતરના કેટલાક તેમના પક્ષમાં થયેલા ઘટનાક્રમો પછી પોતાના ઈરાદા જાહેર કરી દીધા છે

લોકસભામાં અગ્રણી ભાગીદાર ભારતીય જનતા પાર્ટી (બીજેપી) ૨૭૨ની સાદી બહુમતીના આંકડાથી ઘણી નીચે હોવા છતાં અસ્તિત્વનાં બે વર્ષ પૂર્ણ થવાના આરે છે અને તે પણ સરળ રીતે, જો આ નરેન્દ્ર મોદી-અમિત શાહની જોડીના સંચાલન કૌશલની પ્રશંસા હોય તો તે સમાન રીતે વિપક્ષી પાર્ટીઓના વેરવિખેર ઈન્ડિયા બ્લોક વિશે પણ ઘણું કહી જાય છે. વધુમાં, તેનું મુખ્ય કેન્દ્ર કોંગ્રેસ અંધારામાં ફાંફાં મારી રહી છે અને ચારે બાજુ સંગઠનાત્મક નિષ્ફળતાઓ છતાં પોતાને સુધારવા માટે તૈયાર નથી.એક સંયુક્ત અને સુમેળભર્યો મોરચો મનોવૈજ્ઞાનિક દબાણ ઊભું કરી શક્યો હોત, જો ભાજપની આગેવાની હેઠળના એનડીએ ગઠબંધનને તોડવા માટે સક્ષમ ન હોય તો પણ ભગવા પક્ષની છાવણીમાં અસલામતી પેદા કરી શક્યો હોત, જે માત્ર ૨૪૦ સાંસદો સાથે ખીલી રહ્યો છે. પ્રશ્ન એ થાય છે કે આ બાબતે ઈન્ડિયા બ્લોકનો નિરુત્સાહ કેમ?

જ્યારે ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ મોદીની નબળી પડેલી લોકસભાની તાકાતનો લાભ લેવા માટે સાથે બેસીને વાત કરવાના મૂડમાં જણાતા નથી અને પોતાના અહંકારથી પ્રેરાઈને એકલા હાથે કામ કરવામાં વ્યસ્ત છે, તેનાથી વિપરીત તેઓ (મોદી) બિહારમાં મુખ્ય સાથી જનતા દળ-યુ કેમ્પમાં તખ્તાપલટ કરીને પોતાની સ્થિતિને વધુ મજબૂત કરવામાં સફળ રહ્યા છે. તેઓએ ફરીથી ઈન્ડિયા ગઠબંધન, ખાસ કરીને તેના મુખ્ય ભાગ કોંગ્રેસ સામે પડકાર ફેંક્યો છે, જે વિરોધ પક્ષોમાં અખિલ ભારતીય હાજરી ધરાવતી એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી છે. જ્યારે તૃણમૂલ કોંગ્રેસનાં વડાં અને પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી, આમ આદમી પાર્ટીના (જો કે ગઠબંધનનો ભાગ નથી) સુપ્રિમો અરવિંદ કેજરીવાલ અને ડીએમકેના વડા એમ કે સ્ટાલિન જેવા પ્રાદેશિક ખેલાડીઓ પોતપોતાના રાજ્ય સ્તરનાં ક્ષેત્રોને મજબૂત કરવામાં સંતુષ્ટ છે, ત્યારે જૂથબંધીથી પીડાતું કોંગ્રેસનું સંગઠન માળખું અને છૂટા છેડા સાંધવામાં કોઈ ઉતાવળ ન બતાવતા, ફક્ત બીજી તરફ જોઈ રહ્યું છે. આ છાવણીમાં કોઈ પણ આ પડકાર ઝીલવામાં રસ ધરાવતું હોય તેવું લાગતું નથી. સ્વતંત્ર રીતે તેઓ કેન્દ્ર (વાંચો મોદી-શાહ) સામે પોતપોતાની લડાઈ લડી રહ્યા છે - ચૂંટણીવાળા પશ્ચિમ બંગાળમાં મમતા ચોક્કસપણે આ જોડી પર ભારે પડી રહ્યાં છે, સ્ટાલિન પણ આ વર્ષના અંતમાં તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીઓ માટે તૈયારી કરી રહ્યા છે અને ડીએમકેની આગેવાની હેઠળના ગઠબંધનને અસ્થિર કરવાના ભાજપના દરેક પગલાનો સફળતાપૂર્વક સામનો કરી રહ્યા છે અને કથિત એક્સાઈઝ-કૌભાંડમાં તાજેતરના નીચલી અદાલતના ચુકાદાથી રાહત મળતાં ઉત્સાહિત થયેલા કેજરીવાલે દિલ્હીનો ગઢ ગુમાવ્યા પછી પણ પોતાની તાકાત બતાવવાનું શરૂ કર્યું છે, જે તેમનો મુખ્ય આધાર હતો અને હવે તેઓ પંજાબ પર ભારે મદાર રાખી રહ્યા છે જ્યાં તેઓ પરોક્ષ રીતે સરકાર ચલાવી રહ્યા છે.

મમતા બેનર્જી અને કેજરીવાલ બંનેએ તાજેતરના કેટલાક તેમના પક્ષમાં થયેલા ઘટનાક્રમો પછી પોતાના ઈરાદા જાહેર કરી દીધા છે. બેનર્જી, જેમની સ્ટ્રીટ ફાઈટર તરીકેની છબી ઉંમર સાથે કે મુખ્યમંત્રી બન્યા પછી પણ ઓછી થઈ નથી. તેઓ ખાસ કરીને બિન-ભાજપ સરકારો દ્વારા શાસિત રાજ્યોમાં મતદાર યાદીઓના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર)ના મુદ્દે મોદી સાથે કદમ મિલાવીને લડી રહ્યા છે. તેમના મુખ્ય લક્ષ્યાંકો પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને કેરળ છે, જે ત્રણેય હાલમાં વિરોધ પક્ષો અથવા ગઠબંધન દ્વારા શાસિત છે. તેણીએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર સામે મોરચો ખોલવાની સાથે એસઆઈઆર સંબંધિત કેસની દલીલ કરવા માટે સુપ્રીમ કોર્ટમાં રૂબરૂ હાજર થવા સુધીની હિંમત બતાવી હતી. તેમાં કોઈ શંકા નથી કે, ગાંધી રાષ્ટ્રીય સ્તરના એકમાત્ર નેતા છે, જેમણે ભાજપ અને તેના આઈટી સેલ દ્વારા સતત વ્યક્તિગત હુમલાઓ અને દુષ્ટ પ્રચાર છતાં, ખરા અર્થમાં પડકારનો સામનો કર્યો છે. જો કે, તેઓ બેનર્જી અને કેજરીવાલ બંનેથી અલગ છે અને તે બાબત આ બંનેને ફાયદાકારક સ્થિતિમાં મૂકે છે. ગાંધીથી વિપરીત બંને પાસે તેમને ટેકો આપવા માટે મજબૂત સંગઠનો છે, જેઓ (ગાંધી) સંગઠનાત્મક બેકઅપની જરૂરિયાત સમજ્યા વગર એકલા હાથે પ્રયાસો કરવામાં સંતુષ્ટ છે.

બેનર્જીની તાજેતરની જાહેરાત કે તેઓ મોદી સરકારને હટાવશે અને પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી જીત્યા પછી દેશવ્યાપી પ્રવાસ શરૂ કરશે અને દિલ્હીની નીચલી અદાલતે તેમને અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને રાહત આપ્યા પછી કેજરીવાલ દ્વારા સમાન ઈરાદો દર્શાવવો, તેનાથી ગાંધી અને તેમના સલાહકારોએ સાવધ થઈ જવું જોઈતું હતું. કમનસીબે, અનિર્ણાયકતાના કારણે આવા કોઈ સંકેતો દેખાતા નથી.

જ્યારે તે બંને પોતપોતાના પક્ષનાં સંગઠનો પર સંપૂર્ણ નિયંત્રણ ધરાવે છે જે તેમના નેતાઓને સમર્થન આપી રહ્યા છે અને નિર્ણાયક સમયે પરિણામ આપી રહ્યા છે, ત્યારે ગાંધી અને ખાસ કરીને એઆઈસીસી અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશોના સ્તરે સંગઠન તરીકે કોંગ્રેસ વિશે આવું કહી શકાય નહીં. પરિણામે, એક છાપ ઊભી થઈ રહી છે કે તેઓ જૂના નેતાઓનો સામનો કરવાની હિંમત કરી શકતા નથી, જેમાંથી ઘણા હજી પણ સત્તામાં ભાગ માંગી રહ્યા છે, જ્યારે અન્ય જેમને ઉચ્ચ સ્થાનો પર બેસાડવામાં આવ્યા છે તેઓએ ગાંધીના વળતા પ્રહારના પ્રયાસોમાં નોંધપાત્ર યોગદાન આપવાની ભાગ્યે જ કોઈ ઇચ્છા દર્શાવી છે.

તેવી જ રીતે, દિલ્હી સહિતના ઘણા પીસીસી પ્રમુખો કાં તો બિન-પ્રદર્શનકારી છે અથવા પાર્ટી હાઈકમાન્ડની અપેક્ષાઓ મુજબ ખરા ઊતર્યા નથી. તેમ છતાં, હાઈકમાન્ડ (વાંચો રાહુલ ગાંધી) આ મહત્ત્વપૂર્ણ પાસાની અવગણના કરી રહ્યા છે. કોંગ્રેસમાં પ્રવર્તતી આ વિરોધાભાસી સ્થિતિ ઈન્ડિયા લીડર હોવાના પાર્ટીના દાવા સામે ગંભીર પડકાર ઊભો કરી રહી છે. જો તેલુગુ દેશમ પાર્ટી જેવા એનડીએના ભાગીદારો ગમે ત્યારે છૂટા પડે તો તેવા સંજોગોમાં ગઠબંધનના ધ્વજવાહક તરીકે રહેવા માટે પાર્ટીએ તૈયારી કરવી જોઈએ. નાયડુ-મમતા-કેજરીવાલ-સ્ટાલિનનું ગઠબંધન કોંગ્રેસ તરફ અનુકૂળ દૃષ્ટિએ જોશે નહીં તે ધ્યાનમાં રાખીને આ ટોચના સ્થાન માટે સ્પર્ધામાં કેવી રીતે રહેવું? આ ગાંધીની ચિંતા હોવી જોઈએ અને સફળતાની ચાવી તમામ સ્તરે સંગઠનને મજબૂત કરવાના માર્ગમાં કડક નિર્ણયો લેવામાં રહેલી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

મતભેદથી મનભેદ ન થવા દેવો

વૈચારિક મતભેદ વ્યક્તિ, વ્યક્તિએ હોઇ શકે. જેમાં પરિવાર સંસ્થા, રાજકારણ, સાહિત્ય કે અન્ય કોઇ પણ ક્ષેત્રે હોઈ શકે. પ્રત્યેક વ્યક્તિની માનસિકતા કે વિચારધારા અલગ જ હોય અને તેથી કાર્યક્ષેત્રે મતભેદ અવશ્ય ઉપસ્થિત થાય. પરંતુ એ સંજોગોમાં મનભેદ ન જ થવા દેવાય. દરેક સંજોગોમાં અમુક જ વ્યક્તિ સાચી અને સત્યના રાહ પર જ હોય એ શકય નથી અને મતભેદ ક્યારેક અંગત રીતે ઈર્ષ્યા અદાવતનું સ્વરૂપ ધારણ કરે એ સંપૂર્ણ અયોગ્ય કરી શકાય. આપણા મતથી અન્ય વ્યકિત જુદો મત ધરાવે એ એની વ્યક્તિ સ્વતંત્રતા આપવું જ જોઈએ. મતિ ભિન્ન. સંત તુલસીદાસના જણાવ્યા મુજબ તુલસી ઇસ સંસારમેં ભાત ભાત કે લોગ સબ સે મીલ ઝૂલ ચલીએ નદી, નાવ સંજોગો અને જે વાત સાથે આપણે સહમત ન હોઈએ ત્યાં મૌન ધારણ કરવું એ પણ એક પ્રત્યુતર જ છે. વાદવિવાદથી સંબંધ વણસી જતા હોય તો મૌન જ સર્વાર્થ સાધનમ્. જીદ્દી અને અહંકારી વ્યક્તિને સમય જ જવાબ આપતો હોય છે. કોઇ પણ ક્ષેત્રે શાંતિ ઈચ્છતાં હોઈએ તો મતભેદ દ્વારા મનભેદ ન થવા દેવો.સમજણનો સેતુ સંબંધનો બંધ બાંધી શકે. મનભેદ માનસિક દિવાલ ચણી શકે.

સુરત - નેહા શાહ

કેનેડાના વ.પ્ર.માર્ક કોર્નીની ભારતની મુલાકાત

આજે જ્યારે મિડલ ઈસ્ટમાં ઈરાન-ઈઝરાઈલ-અમેરિકા વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે તેવી નાજુક પરિસ્થિતિમાં કેનેડાના વડાપ્રધાન માર્ક કોર્ની ભારતની 4 દિવસની મુલાકાતે આવી ગયા. આ દરમ્યાન ભારત અને કેનેડા વચ્ચે મહત્વના આર્થિક અને મહત્વના ખનિજો તેમજ પરમાણું અને યુરેનિયમના વેચાણ માટે મહત્વના ઐતિહાસિક કરાર કર્યા હતા. બંને દેશોએ 2030 સુધીમાં દ્વિપક્ષીય વેપાર 50 અબજ ડોલર સુધી પહોંચાડવાના અગ્રીમેન્ટ કર્યા! કેનેડા ભારતને યુરેનિયમ આપવા તૈયાર થયું છે જે ભારત માટે એક મોટી ઉપલબ્ધી છે. ન.મોદી અને માર્ક કોર્ની ડીફેન્સ મહત્વની ટેકનોલોજી અને ખનિજો માટે સહયોગ વધારવા પણ સંમત થાય છે. ટ્રૂડોના સમયમાં ભારત-કેનેડાના સંબંધોમાં જે ઓટ આવી હતી તે માર્ક કોર્ની એ સંબંધોને સુધારવા પ્રયત્ન કરી રહ્યા છે. કેનેડામાં લગભગ 15 થી 18 લાખ ભારતીયોની વસતિ છે. જેમાં 9 1/2 લાખ જેટલા પંજાબીઓ છે. પંજાબીઓનો કેનેડાના રાજકારણમાં મહત્વની ભૂમિકા હોય છે. ખાલિસ્તાનીઓનો મુખ્ય અડ્ડો કેનેડામાં છે. આમ હોવા છતાં માર્ક કોર્નીએ તેમની ભારતની મુલાકાત દરમ્યાન પંજાબ જવાનું ટાળ્યું હતું. કેમકે રખેને ભારતને એમાં ખોટું લાગી જાય. આશા રાખીએ કે ભારત-કેનેડાના સંબંધો આવનારા વર્ષોમાં વધુ સુદૃઢ બને!

સુરત - ડો. કિરીટ એન. ડુમસિયા

સત્ય હકીકત

પ્રધાનમંત્રી કાર્યાલય દ્વારા તેમના તા.૨૦/૫/૨૦૨૧ના કોમ્યુનિકેશન નંબર PMOPG/E/2021/0374799 જણાવાયા મુજબ પબ્લિક સેક્ટર બેંકો,સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા સહિત દ્વારા પેન્શન ફંડમાંથી NPA ઘટાડવા દુરુપયોગ કરવામાં આવ્યો છે.આ સમાચાર